કેસ દાખલ કર્યા તા.૨૦–૦૨–૨૦૨૧
કેસ રજી.લીધા તા.૨૦–૦૨–૨૦૨૧
ઠરાવ જાહેર કર્યા તા.૨૦–૦૪–૨૦૨૬
અવધી:વર્ષ: **૦૫** મહિના: **૦૨** દિન: **૦૦**

**કુતિયાણાના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.કુતિયાણા**

**ફોજદારી કેસ નં.૭૧/૨૦૨૧**
આંક–

શ્રી સરકાર .....................ફરિયાદી

**–:: વિરૂધ્ધ ::–**

**ભીખા ચનાભાઈ ઉર્ફે નાજાભાઈ કુછડીયા(કોડીયાતર)**
ઉ.વ.૩૨
રહે. સાજણવાળાનેશ, તા.રાણાવાવ,
જી.પોરબંદર. ...................... આરોપી

---

શ્રી સરકાર તરફે :– વિ.એ.પી.પી. શ્રી જે.કે.પંડયા
આરોપીપક્ષ તરફે :– વિ.વ.શ્રી એસ.ડી.પરમાર

---

**ગુનો:– ગુજરાત પ્રોહીબીશન કલમ–૬૬(૧)બી,૬૫(ઈ),૮૧ મુજબ**

**–:: ઠ રા વ ::–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૨–૧૨–૨૦૧૭ના રોજ સાંજના નવેક વાગ્યે દેવડા ગામે આવેલ મીણસાર નદીમાં આરોપી જેશાભાઈ કારાભાઈ કોડીયાતરને ગે.કા. વગર પાસ પરમીટે પોતાના કબ્જા–હવાલાનો દેશી પીવાનો દારૂ અડધા–અડધા લીટરની કોથળીઓ નં.૩૨, દારૂ લીટર–૧૬ કિં.રૂા.૩૨૦/– નો બાચકા સહિતનો મુદામાલ વેચેલ અને આરોપી જેશાભાઈ કારાભાઈ કોડીયાતર પકડાઈ ગયેલ અને તેણે સદર આરોપીનું નામ આપેલ. આમ, આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરીને ગુનો કરતા, ફરિયાદીએ પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી, ૬૫(ઈ),૮૧ મુજબની ફરિયાદ કરતા આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) ત્યારબાદ આરોપીને કાઢવામાં આવેલ સમન્સ તેઓને ધોરણસર રીતે બજવણી થતા

આરોપી તેઓના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓને આપવાની પોલીસ પેપર્સની નકલો આપ્યાની ખાત્રી કરેલ. આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ–૬૫(ઈ) મુજબનો આક્ષેપ મુકેલ છે. સદરહું ગુનાની સજાકીય જોગવાઈ ધ્યાને લેતા દશ વર્ષ સુધીની સજા તથા દંડની જોગવાઈ કરેલ છે. વધુમાં ગુજરાત પ્રોહીબીશન એકટમાં કરવામાં આવેલ સુધારા મુજબ કલમ–૧૧૬ રદ્દ કરવામાં આવેલ છે. જેથી આરોપી સામેના ગુનાની ટ્રાયલ અંગેની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીઝર કોડના સેકન્ડ શીડયુલ પ્રમાણે કરવી જરૂરી છે. વધુમાં આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **JAYANTIBHAI MAKANBHAI DAMOR Versus STATE OF GUJARAT, CRIMINAL MISC.APPLICATION NO. 8892 of 2018** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, તમામ મેજીસ્ટ્રેટશ્રીઓને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૬ સાથે પ્રથમ તથા બીજા શીડયુલ મુજબના સાત વર્ષ સુધીના કેસો ચલાવવાની સત્તા હોવાનું ઠરાવેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સદરહુ સિધ્ધાંત પ્રોહીબીશન અધિનિયમની કલમ–૬૫(ઈ)અન્વયેના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે. જેથી સદરહું પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં હાલનો કેસ ચલાવવાની અત્રેની અદાલતને સત્તા છે. આરોપી સામે આક્ષેપિત સજાકીય જોગવાઈ ધ્યાને લેતા બે વર્ષ ઉપરાંતની સજાકીય જોગવાઈ રહેલ છે તેમજ હાલના કેસની કાર્યવાહી પોલીસ રીપોર્ટ ઉપર થી શરૂ કરવામાં આવેલ છે. જેથી હાલના કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીઝર કોડના પ્રકરણ ૧૯ માં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ ચલાવવી જરૂરી છે. જેથી આરોપીને કેસ ક્રિ.કે. નં.૭૧/૨૦૨૧ પેપર્સની નકલો આપ્યાની ખાત્રી કરી, આરોપી સામે આંક–૧૫ થી લેખિતમાં તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. જે આરોપીને વાંચી, સંભળાવી સમજાવતા તેઓ સામે કરવામાં આવેલ આક્ષેપોનો ઈન્કાર કરેલ હોય આંક–૧૬ થી આરોપીનો જવાબ લેવામાં આવેલ. જે બાદ હાલનું કામ ફરિયાદપક્ષના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.

**–: મૌખિક પુરાવો:–**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનુ નામ** | **વિગત** |
|---|---|---|---|
| (૧) | ૨૦ | બાવન સરમણ મોરી | પંચસાહેદ |
| (૨) | ૨૩ | કાના પરબત કરમટા | પંચસાહેદ |
| (૩) | ૨૪ | રામ ચના મોઢવાડીયા | પંચસાહેદ |
| (૪) | ૩૬ | રવિન્દ્ર શાંતિલાલ ચાંઉ | ફરીયાદી |
| (૫) | ૩૮ | લખમણભાઈ હાજાભાઈ મારૂ | ત.ક.અધિકારી |
| (૬) | ૩૯ | રણજીતભાઈ રાજાભાઈ મારૂ | ત.ક.અધિકારી |

**–:દસ્તાવેજી પુરાવો :–**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૨૧ | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામુ |
| (૨) | ૨૨ | આરોપીનું અટક પંચનામુ |
| (૩) | ૩૭ | ફરીયાદની ખરી નકલ |

(૪) ત્યારબાદ આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં જણાવેલ છે કે તેઓની સામે ખોટું ચાર્જશીટ કરેલ છે. તેઓ કાંઈ જાણતા નથી, તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામમાં સંડોવી દીધેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસનાં નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, આરોપીએ તા.૧૨–૧૨–૨૦૧૭ ના રોજ સાંજના નવેક વાગ્યે દેવડા ગામે આવેલ મીણસાર નદીમાં આરોપી જેશાભાઈ કારાભાઈ કોડીયાતરને ગે.કા. વગર પાસ પરમીટે પોતાના કબ્જા–હવાલાનો દેશી પીવાનો દારૂ અડધા–અડધા લીટરની કોથળીઓ નં.૩૨, દારૂ લીટર–૧૬ કિં.રૂ.૩૨૦/–નો બાચકા સહિતનો મુદામાલ વેચેલ અને આરોપી જેશાભાઈ કારાભાઈ કોડીયાતર પકડાઈ ગયેલ અને તેણે સદર આરોપીનું નામ આપેલ. આમ, આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરીને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૬૫(ઈ), ૮૧ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓનાં મારાં જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે.

**<u>-: કા ર ણો :-</u>**

**-:: પુરાવાનું મુલ્યાંકન ::-**

**<u>મુદા નં.-૧ ની ચર્ચા :-</u>**

સદર કામે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે કુલ-૬ જેટલા સાહેદો તપાસવામાં આવેલા છે. તેમજ કુલ-૩ જેટલા દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે. જેમાં પંચસાહેદોનો પુરાવો, ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે.

એવીડન્સ એકટની કલમ-૧૦૧ ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શં કપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે. આ કામે પ્રથમ પંચસાહેદોનો પુરાવો ધ્યાને લઈએ તો,

(૮) **<u>પંચસાહેદોનો પુરાવો :-</u>**

આ કામે આંક-૨૦ થી પંચસાહેદ બાવન સરમણ મોરી, આંક-૨૩ થી પંચસાહેદ કાના પરબત કરમટાને તથા આંક-૨૪ થી પંચસાહેદ રામ ચના મોઢવાડીયાને સોગંદ ઉપર તપાસેલ છે. આ તમામ પંચસાહેદોનો પુરાવો એકસાથે વંચાણે લેવામાં આવે તો, તેઓએ તેમની સરતપાસમાં માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે, તૈયાર લખેલ કાગળમાં તેઓએ સહી કરેલી, તે સિવાય તેઓ પંચનામાની વિગતે તેઓ જાણતા નથી.

આમ, ઉપરોકત બંને પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આંક-૨૧ તથા આંક-૨૨ વાળુ પંચનામુ સદર પંચોની જુબાનીથી પુરવાર થયેલુ જણાઈ આવતુ નથી.

(૯) **<u>ફરીયાદી તથા ત.ક.અમલદારનો પુરાવો :-</u>**

(૯.૧) આ કામે ફરીયાદી રવિન્દ્ર શાંતિલાલ ચાંઉને આંક-૩૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક-૩૭ થી ફરીયાદ ની ખરી નકલ રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વાળી જગ્યા જાહેર વિસ્તાર તથા લોકોની અવર-જવરવાળો વિસ્તાર છે. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૯.૨) આ કામે ત.ક.અ. લખમણભાઈ હાજાભાઈ મારૂને આંક–૩૮ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેઓની તપાસની કાર્યવાહીને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓને પુછવામાં આવેલ પ્રશ્નનો નકારાત્મક જવાબ આપેલ છે.

(૯.૩) આ કામે ત.ક.અ.રણજીતભાઈ રાજાભાઈ મારૂને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેઓની તપાસની કાર્યવાહીને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓને પુછવામાં આવેલ પ્રશ્નનો નકારાત્મક જવાબ આપેલ છે.

(૧૦) આ કામે પડેલ પુરાવો તથા ફરીયાદી, ત.ક.અમલદાર તથા પંચોની જુબાનીઓ ઘ્યાનમાં લેવામાં આવે તો આ કામે પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં નથી. આ કામે ફરીયાદીએ તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વાળી જગ્યા જાહેર વિસ્તાર તથા લોકોની અવર–જવરવાળો વિસ્તાર છે. આમ, બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો આ કામે ત.ક.અમલદાર દ્વારા લેવામાં આવેલ નથી. આમ, હાલના સાહેદો પુરાવો ઘ્યાને લેતાં, આંક–૨૧ વાળા પંચનામા મુજબ મુદ્દામાલ દારૂ મળી આવેલ હોવાનું જણાવે છે. જયારે સદરહુ મુદ્દામાલ પંચોની હાજરીમાં કબજે કરેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. વધુમાં, આંક–૩૭ વાળી ફરિયાદ નોંધાયા અગાઉ આંક–૨૧ વાળુ પંચનામું તૈયાર કરવામાં આવેલ હોવા છતાં ફરિયાદીએ તેઓની ફરિયાદમાં પંચ સાહેદોના નામ જણાવેલ નથી. જેથી પંચસાહેદો કહેવાતી રેઈડમાં સાથે ન હોવાની હકીકત ફલિત થાય છે. જયારે પંચોની આંક–૨૧ વાળા પંચનામામાં પાછળથી સહી લેવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં,હાલના કામે રેઈડ દરમ્યાન લીધેલ સેમ્પલ મુદ્દામાલ પૃથ્થકરણ માટે મોકલેલ હોય તો તે અંગેનો કોઈ અહેવાલ કે આધાર પુરાવો હાલના કામે રજૂ થયેલ નથી કે મુદ્દામાલનો કોઈ પૃથ્થકરણ અહેવાલ પણ રજુ રાખવામાં આવેલ નથી. આમ, આરોપી સામેનો કેસ સ્વતંત્ર સાહેદોના અભાવે ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ ઉપરોકત પુરાવો ઘ્યાને લેતાં, વિશ્વશનીય અને માનવા લાયક જણાતો નથી અને ફરીયાદપક્ષ આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવો ઘ્યાને લેવામાં આવે તો, પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ તેઓની હાજરીમાં પોલીસે કોઈ મુદ્દામાલ દારૂ કબજે કરેલ હોય અને શીલ કરેલ હોવાની હકીકતોનો ઈન્કાર કરે છે. વધુમાં, પંચોની જુબાની ફરિયાદપક્ષના કેસની વિપરીત હોવાથી તેઓની જુબાની કેમ ન માનવી તે અંગે ફરિયાદપક્ષ કોઈ આધાર રજુ કરી શકેલ નથી. બનાવ સમયે પંચોની સ્થળ ઉપર હાજરી પુરવાર થતી

નથી. જેથી ફરિયાદપક્ષ મુદ્દા નં. ૧ ની હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

આ કામનાં આરોપી **ભીખા ચનાભાઈ ઉર્ફે નાજાભાઈ કુછડીયા(કોડીયાતર)**ને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી, ૬૫(ઈ), ૮૧ મુજબનાં સજાને પાત્ર ગુન્હા માંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ દેશી દારૂ તથા સેમ્પલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ-૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૨૦મી, માહે-એપ્રીલ, સને-૨૦૨૬ નાં રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તા. ૨૦-૦૪-૨૦૨૬
સ્થળ : કુતિયાણા

**(કલ્પેશ લક્ષ્મણભાઈ નાડિયા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
કુતિયાણા
**CODE No. GJ 01433**